BUSINESS મિત્ર

### શેરબજારમાં સર્વાંગી વેચવાલીઃ સ્મોલકેપ-મિડકેપમાં ભારે વેચવાલી રહી, સેન્સેક્સ ૭૮૦ પોઈન્ટ તૂટ્યો

# ભારત પર 500 ટકા ટેરિફના ભયથી શેરબજારમાં કડાકો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 8:** ભારતીય શેરબજારોમાં આજે સર્વાંગી વેચવાલી રહેતા ભારે ઘટાડો જોવાયો હતો અને દિવસના નીચલા સ્તરે બંધ રહ્યો હતો. આજે ખાસ કરીને સ્મોલકેપ અને મિડકેપ શેરોમાં નફાવસુલી હાવી રહી હતી. વિદેશી રોકાણકારોની સતત વેચવાલી, નબળા વૈશ્વિક સંકેતો અને યુએસ તરફથી ભારત પર 500 ટકા ટેરિફના ભયના કારણે રોકાણકારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો અને તેના લીધે નવા જોખમથી દૂર રહેતા જોવા મળ્યા હતા.

નિષ્ણાતો જણાવ્યા અનુસાર, એફઆઈઆઈના સતત વેચાણ, ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતા અને યુએસ ટેરિફ સાથે સંકળાયેલા આશંકાએ માર્કેટ સેન્ટિમેન્ટને નબળું રાખ્યું હતું. આ ઉપરાંત, સ્થાનિક સ્તરે કોઈ મજબૂત ટ્રિગરના અભાવને કારણે, બજારમાં મોટાભાગનો ટ્રેડિંગ સ્ટોક-સ્પેસિફિક હતો અને રોકાણકારો આગામી ત્રિમાસિક પરિણામો અને આર્થિક ડેટા પહેલા વેઈટ એન્ડ વોચ મોડમાં દેખાયા હતા.

આજે સ્મોલકેપ અને મિડકેપ શેરોમાં ભારે કડકો જોવાયો હતો. હિન્દુસ્તાન કોપરમાં 5 ટકાનો ઘટાડો નોંધાયો છે. આ સિવાય અન્ય શેરોમાં વેચવાલી રહી હતી.

બીએસઈ સેન્સેક્સ 780.18 પોઈન્ટ એટલે કે 0.92 ટકા તૂટીને 84180.96 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 85965 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 84110 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. જે દિવસના નીચલા સ્તરે બંધ રહ્યો હતો.

નિફ્ટી 25900 પોઈન્ટની નીચલા સ્તરે બંધ રહ્યા હતા. આજે નિફ્ટી 263.90 પોઈન્ટ એટલે કે 1.01 ટકા ઘટીને 25876.85 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 26133 પોઈન્ટ સુધી ઉછળી હતી. જ્યારે નીચામાં 25858 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 304.35 પોઈન્ટ એટલે કે 0.51 ટકા ઘટીને 59686.50 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે ધ રેમ્કો સિમેન્ટ 27.12 ગણા, ઈકલર્કસ સર્વિસીસ 19.85 ગણા, આલ્કાઈલ એમીનીઝ 19.62 ગણા, આરતી ઈન્ડ. 18.33 ગણા, અને અપોલો હોસ્પિટલ 17.42 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે આલ્કાઈલ એમીનીઝ 54.75 ગણા, ટ્રાઈડન્ટ 33.21 ગણા, નીવા બુપા15.68 ગણા, સીગ્નેચર ગ્લોબલ ઈન્ડિયા 14.4 ગણા અને આલોક ઈન્ડ. 10.45 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં વેચવાલી હાવી રહેતા નબળું પ્રદર્શન રહ્યું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 1.99 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.97 ટકા તૂટયો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પણ નબળું રહ્યું હતું. બીએસઈ ખાતે 1035 શેરો વધ્યા હતા, જ્યારે 3160 શેરો ઘટ્યા હતા અને 171 શેરો યથાવત રહ્યા હતા.

મેટલ શેરોમાં ભારે વેચવાલીએ નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 3.40 ટકા તૂટયો હતો. જેમાં હિન્દુસ્તાન ઝીંક, જિન્દાલ સ્ટેનલેસ, જિન્દાલ સ્ટીલ, હિન્દુસ્તાન કોપર, નેલ્કો, એનએમડીસી, લોઈડસ મેટલ્સ, હિન્દાલ્કો, વેલસ્પન કોર્પસ અને વેદાન્તા તૂટયા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ જોન્સ ફ્યુચર 143 પોઈન્ટના ઘટાડા સાથે લાલ નિશાનમાં ચાલી રહ્યા હોવાથી આજે અમેરિકન બજારો લાલ નિશાનમાં ખુલવાના સંકેત આપી રહ્યા છે. જ્યારે યુરોપિયન બજારોમાં નરમ ચાલી રહ્યા છે. ટ્રમ્પની ગ્રીનલેન્ડને જોડવાની ધમકીની અસર વર્તાઈ હતી. ટ્રમ્પના વધતા ભૌગોલિક રાજકીય તણાવ અને ટિપ્પણીઓ વચ્ચે વોલસ્ટ્રીટ નીચા બંધ થયા પછી એશિયન બજારો પણ લાલ નિશાનમાં બંધ રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.30 ટકા, કેક 0.24 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે ડેક્સ 0.15 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.33 ટકા, સ્ટ્રેઈટસ 0.18 ટકા, હેંગસેંગ 1.23 ટકા, તાઈવાન 0.25 ટકા અને જકાર્તા 0.22 ટકા અને શાંઘાઈ 0.07 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયો ફરીથી ૯૦ને પાર

કરન્સી બજારમાં રૂપિયામાં સુધારાને બ્રેક વાગી છે, જેમાં રૂપિયામાં નરમાઇ આગળ વધી હતી. જે ફરીથી તૂટીને 90ને પાર નીકળી ગઇ છે. આજે ડોલરની સામે રૂપિયો 14 પૈસા તૂટીને 90.03ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 89.89ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 104.67, પાઉન્ડ 121.64, કેનેડિયન ડોલર 64.76, ઓસ્ટ્રેલિયન ડોલર 60.31, જાપાનીઝ યેન 0.5744 અને સીંગાપોર ડોલર 70.32ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 90.02 રૂ. |
| યુરો | 104.67 રૂ. |
| પાઉન્ડ | 121.64 રૂ. |
| યેન | 0.5744 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -780.18 | 84180.96 |
| નિફ્ટી | -263.90 | 25876.85 |
| બેન્ક નિફ્ટી | -304.35 | 59686.50 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 0.93 | 283.55 |
| એસબીઆઇ લાઇફ | 0.58 | 2082.90 |
| ICICI બેન્ક | 0.51 | 1435.00 |
| બજાજ ફાઇનાન્સ | 0.33 | 971.95 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| હિન્દાલ્કો | 3.68 | 903.95 |
| જિયો ફાઇનાન્સીયલ | 3.28 | 293.55 |
| ઓએનજીસી | 3.20 | 231.42 |
| વિપ્રો | 3.18 | 262.20 |
| લાર્સન-ટુબ્રો | 3.09 | 4028.40 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 0.91 | 283.50 |
| ICICI બેન્ક | 0.48 | 1435.35 |
| બજાજ ફાઇનાન્સ | 0.29 | 971.80 |
| બીઇએલ | 0.01 | 415.65 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| લાર્સન-ટુબ્રો | 3.35 | 4028.00 |
| ટેક મહિન્દ્રા | 2.94 | 1577.55 |
| ટીસીએસ | 2.74 | 3204.30 |
| ટીસીએસ | 2.74 | 3204.30 |
| રિલાયન્સ ઇન્ડ. | 2.25 | 1470.30 |
| ટાટા સ્ટીલ | 1.93 | 180.20 |

# ચાંદીના ભાવ રૂ.૧૨૫૦૦ તૂટીને કિલોએ રૂ.૨.૪૩ લાખ થયા

**સોનાના** ભાવમાં પણ પ્રતિ દસ ગ્રામ રૂ. ૯૦૦નો ઘટાડો

**સ્થિર** અમેરિકી ડોલરને કારણે ટ્રેડર્સે કિંમતી ધાતુમાં પોતાની પોઝિશનો ઘટાડી

નવી દિલ્હી, મુંબઇ, તા. 8: વૈશ્વિક સ્તરે પ્રોફિટ-બુકિંગના (નફો વસૂલવાની પ્રક્રિયા) વધતા પ્રવાહ વચ્ચે ગુરુવારે રાષ્ટ્રીય રાજધાનીમાં ચાંદીના ભાવમાં રેકોર્ડ સ્તરેથી મોટો ઘટાડો જોવા મળ્યો હતો. ચાંદીના ભાવ કિલો દીઠ રૂ. 12,500 ઘટીને રૂ. 2,43,500 પર પહોંચ્યા હતા, જ્યારે સોનાના ભાવમાં પણ રૂ. 900નો ઘટાડો નોંધાયો હતો. ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, બુધવારે પાછલા સત્રમાં સફેદ ધાતુ (ચાંદી) રૂ. 5,000ના ઉછાળા સાથે રૂ. 2,56,000 પ્રતિ કિલોની ઐતિહાસિક સપાટીએ પહોંચી હતી. સ્થાનિક બુલિયન માર્કેટમાં, 99.9 ટકા શુદ્ધતા ધરાવતા સોનાનો ભાવ અગાઉના રૂ. 1,41,400 પ્રતિ 10 ગ્રામના બંધ ભાવની સરખામણીએ રૂ. 900 ઘટીને રૂ. 1,40,500(તમામ ટેક્સ સહિત) થયો હતો.

HDFC સિક્યોરિટીઝના કોમોડિટીઝ વિભાગના સિનિયર એનાલિસ્ટ સૌમિલ ગાંધીએ જણાવ્યું હતું કે, સેફ-હેવન ડિમાન્ડ(સુરક્ષિત રોકાણ તરીકેની માંગ)માં ઘટાડો અને સ્થિર યુએસ ડોલરને કારણે ટ્રેડર્સે તેમની પોઝિશન ઘટાડતા ગુરુવારે સોનાના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારોમાં, સ્પોટ ગોલ્ડ 29.65 ડોલર (0.67%) ઘટીને 4,426.91 ડોલર પ્રતિ ઔંસ પર રહ્યું હતું, જ્યારે ચાંદી 3.22% અથવા 2.51 ડોલર ઘટીને 75.67 ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહી હતી. ગાંધીએ વધુમાં ઉમેર્યું હતું કે, રોકાણકારોએ શુક્રવારે યુએસ સુપ્રીમ કોર્ટ દ્વારા ટ્રમ્પ ટેરિફ પર સંભવિત ચુકાદાઓ અને ડિસેમ્બરના લેબર માર્કેટ ડેટા જેવી મહત્વની ઘટનાઓ પહેલા સાવચેતીભર્યું વલણ અપનાવ્યું છે, જેણે બુલિયન (સોના-ચાંદી) ના ભાવ પર દબાણ વધાર્યું હતું. ચાંદીના આ ઘટાડાનું મહત્વનું કારણ બ્લૂમબર્ગ કોમોડિટી ઈન્ડેક્સ સહિતના મુખ્ય કોમોડિટી સૂચકાંકોનું વાર્ષિક પુનઃસંતુલન પણ માનવામાં આવે છે. આ પ્રક્રિયા દર વર્ષે પાછલા વર્ષના ભાવ પ્રદર્શનના આધારે ભંડોળના વજનને બદલવા માટે કરવામાં આવે છે.

### સંયુક્ત રાષ્ટ્રનો ભારતની અર્થવ્યવસ્થા પર અહેવાલ

# ટેરિફ વધારા છતાં ભારતની ઈકોનોમી મજબૂત

**અગાઉના** અંદાજમાં ઘટાડો છતાં IMF અને UN ના મતે ભારત 6% થી વધુ વૃદ્ધિ દર હાંસલ કરનાર એકમાત્ર દેશ બનશે

નવી દિલ્હી, તા. 8: સંયુક્ત રાષ્ટ્રએ એક અહેવાલમાં કહ્યું છે કે 2026માં ભારતનો જીડીપી 6.6 ટકાની ઝડપે વધશે, જ્યારે આ સમયગાળા દરમિયાન વૈશ્વિક અર્થવ્યવસ્થાનો વિકાસ દર 2.7 ટકા રહેવાનો અંદાજ છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતની અર્થવ્યવસ્થા એવા સમયે ઝડપથી વધી રહી છે જ્યારે વિશ્વની અન્ય મોટી અર્થવ્યવસ્થાઓ વૈશ્વિક અસ્થિરતાનો સામનો કરી રહી છે. અન્ય મોટા બજારોમાં મજબૂત માંગ ભારતને યુએનના ટેરિફ વધારાની અસરને ઘટાડવામાં મદદ કરશે. યુએનના અહેવાલમાં ભારતની વૃદ્ધિની આગાહી અગાઉના 7.4 ટકાથી ઘટાડી દેવામાં આવી છે, તેમ છતાં તે હજી પણ આઈએમએફની આગાહીને અનુરૂપ છે, જે મુજબ ભારત એકમાત્ર મોટી અર્થવ્યવસ્થા બનશે જે 2025-26માં 6 ટકાથી વધુનો વૃદ્ધિ દર હાંસલ કરશે.

યુનાઈટેડ નેશન્સના વર્લ્ડ ઈકોનોમિક સિચ્યુએશન એન્ડ પ્રોસ્પેક્ટ્સ 2026 રિપોર્ટમાં ધ્યાન દોરવામાં આવ્યું છે કે વિશ્વની અર્થવ્યવસ્થા લાંબા સમય સુધી ધીમી આર્થિક વૃદ્ધિ દરનો સામનો કરી શકે છે, કારણ કે વર્તમાન વૃદ્ધિ વ્યાપક લાભો પહોંચાડવામાં નિષ્ફળ ગઈ છે, ઘણા દેશો, સમુદાયો અને પરિવારોને પાછળ છોડી દીધી છે. ભૌગોલિક રાજકીય જોખમો, સતત નીતિગત અનિશ્ચિતતા અને નાણાકીય પડકારો વૈશ્વિક આર્થિક દ્રષ્ટિકોણને વાદળછાયું બનાવી રહ્યા છે. 2025માં, યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા ટેરિફમાં તીવ્ર વધારાએ વ્યવસાયિક વાતાવરણને અસ્થિર કર્યું, પરંતુ વિશ્વનું અર્થતંત્ર અપેક્ષા કરતા વધુ મજબૂત સાબિત થયું.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે 2026માં, વૈશ્વિક વૃદ્ધિ ધીમી પડવાની સંભાવના છે કારણ કે નબળા આંતરરાષ્ટ્રીય વેપારને ફક્ત નાણાકીય નીતિ સરળતાથી સતત ટેકો દ્વારા આંશિક રીતે સંતુલિત કરવામાં આવશે.

અહેવાલમાં એ પણ ધ્યાન દોરવામાં આવ્યું છે કે મોટાભાગની અર્થવ્યવસ્થાઓમાં ફુગાવો નોંધપાત્ર રીતે ઘટ્યો છે, તેમ છતાં વધતો ફુગાવો ઘરોના બજેટ પર દબાણ લાવી રહ્યું છે અને અસમાનતાને વધારી રહ્યું છે.

# વેદાંતાના અનિલ અગ્રવાલ સ્વર્ગસ્થ પુત્રની ઇચ્છા પૂરી કરવા માટે 75% સંપત્તિનું દાન કરશે

**અગ્રવાલના** 49 વર્ષીય પુત્ર અગ્નિવેશનું અમેરિકામાં મૃત્યુ



નવી દિલ્હી, તા. 8

અબજોપતિ ઉદ્યોગપતિ અને વેદાંતાના ચેરમેન અનિલ અગ્રવાલે યુનાઈટેડ સ્ટેટ્સમાં તેમના પુત્ર અગ્નિવેશનું અકાળે મૃત્યુ થયા બાદ તેમની 75% થી વધુ સંપત્તિ સમાજ દાન કરી દેવાની તેમની જૂની પ્રતિજ્ઞાનું પુનરાવર્તન કર્યું હતું.

જેને તેમના જીવનનો સૌથી દુઃખદ દિવસ ગણાવતાં અગ્રવાલે કહ્યું હતું કે, તેમના 49 વર્ષીય પુત્ર અગ્નિવેશનું સ્કીઈંગ અકસ્માતમાં થયેલી ઈજાઓમાંથી સ્વસ્થ થવા દરમિયાન અચાનક હૃદયરોગના હુમલાથી મૃત્યુ થયું હતું. અગ્નિવેશની સારવાર ન્યૂયોર્કની માઉન્ટ સિનાઈ હોસ્પિટલમાં થઈ રહી હતી અને પરિવારને વિશ્વાસ હતો કે તે સ્વસ્થ થઈ રહ્યો છે.

અગ્રવાલે એક ભાવનાત્મક નિવેદનમાં કહ્યું, ''અમને લાગ્યું હતું કે સૌથી ખરાબ સમય પસાર થઈ ગયો છે, પરંતુ ભાગ્યને કંઈક બીજું જ મંજૂર હતું.'' અગ્રવાલે કહ્યું, આ નુકસાનથી પરિવાર તૂટી ગયો છે. ''પુત્રએ તેના પિતા પહેલાં ન જવું જોઈએ.'' 3 જૂન, 1976ના રોજ પટણામાં જન્મેલા અગ્નિવેશ એક મધ્યમ વર્ગના બિહારી પરિવારમાં ઊછર્યા અને એક સફળ વ્યાવસાયિક સફર શરૂ કરી. મેયો કોલેજમાં શિક્ષણ મેળવ્યા પછી મેટલ્સ બિઝનેસમાં સૌથી શ્રેષ્ઠ કંપનીઓમાંની એક ફુજેરાહ ગોલ્ડ બનાવી અને ત્યાર બાદ હિન્દુસ્તાન ઝિંકના ચેરમેન બન્યા.

# ઓપન ઓફરના નિયમો કડક કરવાની સેબીની વિચારણા

**હસ્તગત** કરનાર કંપની અને પ્રક્રિયામાં સામેલ વ્યક્તિ ઓપન ઓફરની કિંમત કરતા વધુ કિંમતે વાટાઘાટોના સોદામાં ભાગ લઇ શકશે નહીં

**નવી દિલ્હી, તા. 8:** સેબી ઓપન ઓફરના નિયમોને કડક બનાવી શકે છે. તે ટેકઓવર સોદા પર પ્રતિબંધ મૂકી શકે છે જેમાં પ્રમોટર્સને ખુલ્લી ઓફર્સ દ્વારા નિરાશાજનક ઊંચા ભાવે બહાર નીકળવાની મંજૂરી આપવામાં આવે છે. કાનુની સૂત્રોએ જણાવ્યું હતું કે નિયમનકાર ટેકઓવર કોડમાં ફેરફાર કરી શકે છે. ટેકઓવરના નિયમોમાં છટકબારીઓ દૂર કરવા માટે સેબી આના પર વિચાર કરી રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ટેકઓવરના નિયમોની સમીક્ષા માટે રચાયેલી સમિતિએ પોતાનો રિપોર્ટ આપ્યો છે. ઓપન ઓફર પછી, હસ્તગત કરનાર કંપની અને પ્રક્રિયામાં સામેલ વ્યક્તિઓ ઓપન ઓફરની કિંમત કરતા વધુ કિંમતે વાટાઘાટો કરી શકશે નહીં. આમાં બ્લોક સોદા પણ શામેલ હશે. સમિતિએ સેબીને હાલના ટેકઓવર નિયમોના નિયમન 8 (10)માં ફેરફાર કરવાની સલાહ આપી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે 2022માં સોદા પછી આની જરૂરિયાત અનુભવાઈ હતી. આ સોદામાં ભારતના સૌથી મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગ્રુપે દિલ્હી સ્થિત મીડિયા હાઉસના પ્રમોટરો પાસેથી શેર ખરીદ્યા હતા. ઓપન ઓફર ટેન્ડર પ્રક્રિયા દ્વારા સંમત થયેલા ભાવ કરતા 25 ટકા વધુ સોદો કરવામાં આવ્યો હતો. આ કિસ્સામાં, ઓપન ઓફર બંધ થયાના 18 દિવસ પછી પ્રમોટર્સને ચૂકવવામાં આવતી ઊંચી કિંમત વિશેની માહિતી જાહેર કરવામાં આવી હતી. બાદમાં હસ્તગત કરનારી કંપનીએ લઘુમતી શેરધારકો દ્વારા થયેલા નુકસાનની ભરપાઈ કરવી પડી હતી. ઓપન ઓફરમાં તેમના શેર ટેન્ડર કરનારા શેરહોલ્ડરોને શેર દીઠ વધારાના 48.65 રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા.

### મુન્દ્રા પોર્ટની સિદ્ધિઃ પ્રથમ VLCC જહાજનું સફળ બર્થિંગ




અદાણી ગ્રુપના મુન્દ્રા પોર્ટે ભારતના દરિયાઈ ઇતિહાસમાં નવો બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે. પોર્ટે 'માઉન્ટ ન્યૂ રેનોન' નામના ભારતના પ્રથમ વેરી લાર્જ ક્રૂડ કેરિયર (VLCC) નું સફળતાપૂર્વક બર્થિંગ કર્યું છે. 3.3 લાખ ક્યુબિક મીટર ક્ષમતા ધરાવતું આ સંપૂર્ણ લોડેડ જહાજ સીધું જેટી પર સુરક્ષિત રીતે લાંગરનાર મુન્દ્રા દેશનું પ્રથમ બંદર બન્યું છે. આ સિદ્ધિ માટે 25 મીટર ઊંડો બર્થ પોકેટ અને અદ્યતન ફેન્ડર સિસ્ટમ જેવા વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ કરાયો છે. આ જેટી 489 કિમી લાંબી પાઈપલાઈન દ્વારા બાડમેરની રિફાઈનરી સાથે જોડાયેલી છે, જે ભારતની ઊર્જા સુરક્ષા અને આર્થિક વિકાસને વેગ આપશે. વર્ષ 2024-25માં 200 MMT કાર્ગો હેન્ડલ કરી મુન્દ્રાએ વૈશ્વિક સ્તરે ભારતની સ્થિતિ મજબૂત કરી છે.

# ચીની કંપનીઓ માટે ભારતની 'રેડ કાર્પેટ'?

**સરકારી** કોન્ટ્રાક્ટોમાં ચીની કંપનીઓ પરના નિયંત્રણો હળવા કરવાની ભારતની વિચારણા

**૨૦૨૦ની** સરહદી અથડામણ પછી આ નિયંત્રણો લાદવામાં આવ્યા હતા

**આ** પ્રતિબંધોને કારણે અનેક પ્રોજેક્ટો વિલંબ અને અછતનો સામનો કરી રહ્યા છે

નવી દિલ્હી, તા. ૮: ભારતનું નાણા મંત્રાલય પાંચ વર્ષ જૂના એવા નિયંત્રણોને હટાવવાની તૈયારી કરી રહ્યું છે જે ચીની કંપનીઓને સરકારી કોન્ટ્રાક્ટમાં ભાગ લેતા અટકાવે છે એમ આ બાબતથી પરિચિત બે સ્ત્રોતોએ આ માહિતી આપી છે.

આ પ્રતિબંધો સૌપ્રથમ ૨૦૨૦માં સરહદ પર ભારત અને ચીનના સૈનિકો વચ્ચે થયેલી હિંસક અથડામણ બાદ લાદવામાં આવ્યા હતા. આ હેઠળ ચીનના બિડર્સ (બોલી લગાવનારાઓ) માટે સરકારી સમિતિમાં નોંધણી કરાવવી અને રાજકીય તથા સુરક્ષા મંજૂરી મેળવવી ફરજિયાત હતી. આ અવરોધોની આર્થિક અસર ઘણી મોટી રહી છે, જેના કારણે અંદાજે ૭૦૦ અબજ ડોલરથી ૭૫૦ અબજ ડોલરના ભારતીય સરકારી પ્રોજેક્ટ્સમાંથી ચીની કંપનીઓ અસરકારક રીતે બહાર ફેંકાઈ ગઈ હતી. પ્રતિબંધો લાગુ થયાના થોડા મહિનાઓ પછી, ચીનની સરકારી માલિકીની કંપની CRRCને ૨૧૬ મિલિયન ડોલરના ટ્રેન મેન્યુફેક્ચરિંગના મોટા કોન્ટ્રાક્ટ માટે અયોગ્ય જાહેર કરવામાં આવી હતી.સૂત્રોના જણાવ્યા અનુસાર, નાણા મંત્રાલયના અધિકારીઓ સરહદી દેશોના બિડર્સ માટે ફરજિયાત નોંધણીની જરૂરિયાતને દૂર કરવા પર કામ કરી રહ્યા છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | ગાર્ડન | |
| લોકલ | | RIL રિલાયન્સ | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | વેલનોન (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૩૯૮૫૦ |
| તેજાબી સોનું | ૧૩૯૭૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૨૮૬૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૩૭૦૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૩૯૮૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૯૩૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૦૮૦૦ |


**Dakshin Gujarat Vij Company Limited**
CIN U40102GJ2003SGC042909
Regd. & Corp. Office : 'Urja Sadan',
N. V. Road, Kapodara Char Rasta, Surat 395 006 GUJARAT
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

**Tender Notice**

Tenders are invited for "Supplying and Installation of medical equipment (Ultra-Portable X Ray) for various CHC/PHC Centers, Valsad- under CSR initiative by DGVCL 2025-26". Tender details are put up on www.dgvcl.com (For view & download) and http://tender.nprocure.com (For view, download and online submission).

| Sr. No. | Tender No. | Estimated Cost |
|---|---|---|
| 1 | DGVCL/Corp/Civil/CSR 2025-26/ Ultra-Portable X-Ray/275 | Rs.50,00,000.00 (Including GST) |

Note: Bidders may visit the above website/s for regular updates till opening of the tender. ACE (P), DGVCL, Surat.



**જાહેર નોટીસ**
**નગર રચના યોજના સુરત નં.૫૯(પારડીકણદે-સચીન-કનસાડ)**

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, નગર રચના યોજના સુરત નં.૫૯(પારડીકણદે-સચીન- કનસાડ) સુરતમાં આવરી લેવાયેલ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ જમીનોના માલિકો/હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓને સદરહુ યોજનાની પ્રારંભિક યોજનાની કામચલાઉ પુનઃરચના/એવોર્ડ પહેલાના પરામર્શની દરખાસ્તની સુનાવણી બાબતે અત્રેથી તા.૧૨/૧૨/૨૦૨૫ના રોજ નોટીસ બજાવવામાં આવેલ.જે સુનાવણી તા.૩૧/૧૨/૨૦૨૫ના રોજ પુર્ણ કરવામાં આવેલ છે.

આમ, યોજના વિસ્તારમાં સમાવિષ્ટ જમીનોના જમીન માલિક/હિત સંબંધ ધરાવતી વ્યક્તિ કે ભાડુઆત, કબ્જા/હક્ક હિસ્સો ધરાવતી દરેક વ્યક્તિઓને નામ કે સરનામાના અભાવે કે અન્ય કોઈ કારણસર નોટીસ બજેલ ન હોય તો તેવી વ્યક્તિઓ/ ઈસમોને આ જાહેર નોટીસ ધ્વારા જણાવવામાં આવે છે કે, આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૭ (સાત)માં નીચે જણાવેલ સરનામે રજાના દિવસો સિવાય કચેરીના કામકાજના સમય દરમ્યાન નીચે સહી કરનાર નગર રચના અધિકારી સમક્ષ રૂબરૂ અથવા અધિકૃત પ્રતિનિધિ ધ્વારા હાજર રહી જમીનની માલિકી અંગેના દસ્તાવેજી પુરાવા જેવા કે, ગામ નમુના નં.૭/૧૨ની અદ્યતન અસલ નકલ, સક્ષમ સત્તામંડળ ધ્વારા મંજુર કરેલ લે-આઉટ પ્લાન/વિકાસ પરવાનગી/બાંધકામના નકશા તથા રજાચિઠ્ઠીની પ્રમાણિત નકલ, બિનખેતી હુકમની પ્રમાણિત નકલ, હિસ્સા માપણીશીટ, હિસ્સા ફોર્મ નં.૧૧/અ તથા અન્ય દસ્તાવેજી પુરાવાઓ સહ હાજર રહી પ્રારંભિક યોજનાની કામચલાઉ પુનઃરચના/એવોર્ડ પહેલાના પરામર્શની અદ્યતન દરખાસ્ત અંગે સમજણ મેળવી રજુઆત કરી શકશે.

ઉક્ત મુદત દરમિયાન યોજનામાં સમાવિષ્ટ જમીન માલિકો/હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓ ધ્વારા જો કોઈ રજુઆત કરવામાં નહી આવે તો પ્રારંભિક યોજનાની કામચલાઉ પુનઃરચના/એવોર્ડ પહેલાના પરામર્શની અદ્યતન દરખાસ્ત તેઓને માન્ય છે તથા તે બાબતે તેઓએ કાંઈ કહેવાનું નથી તેમ સમજી અત્રે ઉપલબ્ધ રેકર્ડ, પુરાવાઓ તથા અન્ય વિગતો ધ્યાને લઈ ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અને અધિનિયમ-૧૯૭૬ની જોગવાઈ મુજબ પ્રારંભિક યોજનાના નિર્ણયો જાહેર કરવા સંબંધિત આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને તે અન્વયે લીધેલ નિર્ણય તેઓને માન્ય તેમજ બંધનકર્તા રહેશે. જેની દરેકે નોંધ લેવા વિનંતી છે.

**-: પરિશિષ્ટ :-**

નગર રચના યોજના નં.૫૯(પારડીકણદે-સચીન-કનસાડ)માં સમાવિષ્ટ મોજેઃ પારડીકણદેના બ્લોક નંબર : ૧/પૈ/૧, ૧/પૈ/૨, ૨, ૩/અ, ૩/બ/૧ થી ૧૨૫, ૪, ૫, ૫/પૈ/૨, ૬, ૭, ૮, ૯/અ, ૯/બ/૧ થી ૧૦૫, ૧૦/૧, ૧૦/૨, ૧૧, ૧૨, ૧૩/પૈકી, ૧૪/અ, ૧૪/બ/૧/પૈકી, ૧૬/પૈકી, ૧૭/અ, ૧૭/બ, ૧૮ થી ૨૪, ૨૫/પૈ/૧ થી ૧૧, ૨૫/પૈ/૧૮ થી ૧૪૩, ૨૫/પૈ/૧૪૫ થી ૧૭૪, ૨૬/અ, ૨૭, ૨૮/૧ થી ૩૪, ૨૯, ૩૦, ૩૦/પૈ/૧/૧૨, ૩૦/પૈ/૧૦/૨૧/અ, ૩૦/પૈ/૧૦/૨૧/બ, ૩૦/પૈ/૧૧/૨૨/અ+બ, ૩૦/પૈ/૧૨/૨૩/અ+બ, ૩૦/પૈ/૨/૧૩, ૩૦/પૈ/૩/૧૪/અ+બ, ૩૦/પૈ/૪/૧૫/અ+બ, ૩૦/પૈ/૫/૧૬/અ+બ, ૩૦/પૈ/૬/૧૭/અ+બ, ૩૦/પૈ/૭/૧૮/અ+બ, ૩૦/પૈ/૮/૧૯/અ+બ, ૩૦/પૈ/૯/૨૦/અ+બ, ૩૧/પૈકી ૧, ૩૧/પૈ/૧/૯/અ+બ, ૩૧/પૈકી/૨, ૩૧/પૈકી/૧૦અ+બ, ૩૧/પૈ/૩/૧૧, ૩૨, ૩૨/પૈ/૧/અ, ૩૨/પૈ/૧/બ, ૩૨/પૈ/૨/અ/પૈ/૧, ૩૨/પૈ/૨/અ/પૈ/૨, ૩૨/પૈ/૨/અ/પૈ/૩, ૩૨/પૈ/૨/બ, ૩૨/પૈ/૩/અ+બ, ૩૨/પૈ/૪/અ, ૩૨/પૈ/૪/બ, ૩૨/પૈ/૬, ૩૨/પૈ/૬/અ, ૩૨/પૈ/૭/અ+બ, ૩૨/પૈ/૮/અ+બ, ૩૨/પૈ/૫/અ+બ, ૩૩/પ્લોટ નં. ૧ થી ૪૮, ૩૪, ૩૫, ૩૬, ૩૭/બ, ૩૮/બ, ૩૯, ૪૦/અ, ૪૧/અ/૧, ૪૧/બ/૧, ૪૨ પૈકી, ૪૩/અ/પૈ, ૪૪/અ/૧ થી ૧૫, ૪૪/બ/૧, ૪૫, ૪૬, ૪૯, ૫૦/અ/૧/૧, ૫૦/અ/૧/૨, ૫૦/અ/૧/૩, ૫૦/અ/૧/૪, ૫૦/બ,૫૧ થી ૫૭, ૫૮, ૫૯/અ, ૫૯/બ/૨૦૫, ૫૯/બ/૧/ડ થી ૫૯/બ/૧૦/ડ, ૫૯/બ/૧૧/અ થી ૫૯/બ/૧૨/અ, ૫૯/બ/૧૪/અ થી ૫૯/બ/૮૧/અ, ૫૯/બ/૮૨/બ, ૫૯/બ/૮૩/અ થી ૫૯/બ/૯૦/અ, ૫૯/બ/૯૧/બ, ૫૯/બ/૯૨/અ થી ૫૯/બ/૯૪/અ, ૫૯/બ/૯૫/ક, ૫૯/બ/૯૬/અ થી ૫૯/બ/૧૦૪/અ, ૫૯/બ/૧૦૫/બ, ૫૯/બ/૧૦૬/ક, ૫૯/બ/૧૦૭/અ થી ૫૯/બ/૧૧૨/અ, ૫૯/બ/૧૧૪/અ થી ૫૯/બ/૧૧૯/અ, ૫૯/બ/૧૨૦/ક થી ૫૯/બ/૧૨૧/ક, ૫૯/બ/૧૨૨/અ થી ૫૯/બ/૧૩૩/અ, ૫૯/બ/૧૩૪/ક, ૫૯/બ/૧૩૫/અ થી ૫૯/બ/૧૫૪/ક, ૫૯/બ/૧૫૫/બ, ૫૯/બ/૧૫૬/અ થી ૫૯/બ/૧૭૩/અ, ૫૯/બ/૧૭૪/બ, ૫૯/બ/૧૭૫/ક, ૫૯/બ/૧૭૬/અ થી ૫૯/બ/૧૯૪/અ, ૫૯/બ/૧૯૫/ડ થી ૫૯/બ/૨૦૨/ડ, ૫૯/બી/સીઓપી/૧, ૫૯/બ/સીઓપી/૨, ૫૯/બ/સીઓપી/૩, ૫૯/બ/સીઓપી/૪, ૫૯/બ/ઓએસ/૧, ૫૯/બ/રોડ રસ્તા , ખુલ્લી જગ્યા , ૫૯/બ/એસબીવીડી૧, ૫૯/બ/એસબીવીડીર, ૬૧, ૬૨/પૈકી, ૬૩ થી ૯૫, ૯૬/પૈકી.

મોજેઃ સચીનના બ્લોક નંબર : ૧૭૧ થી ૧૮૯, ૧૯૦/૧/બ, ૧૯૧/૧ થી ૪૨, ૧૯૨/અ, ૧૯૨/બ, ૧૯૩/૧ થી ૫૪, ૧૯૩/૫૫ (સી.ઓ.પી.) ૧૯૩/૫૬, (રોડ, રસ્તા , ખુલ્લી જગ્યા ), ૧૯૪/બ, ૧૯૫ થી ૨૦૫, ૨૦૬/પૈકી, ૨૦૭ થી ૨૧૪, ૨૧૫/પૈકી, ૨૧૬, ૨૧૭/૧, ૨૧૮, ૩૧૧, ૩૭૯/બ/૧, ૩૮૦, ૩૮૧, ૩૮૨/૧/પૈકી, ૩૮૨/બ, ૩૮૩/પૈકી, ૩૮૪/૧, ૪૦૧/૧, ૪૦૨/૧, ૪૦૩/૧ થી ૮૨, ૪૦૩/૮૭ થી ૧૦૮, ૪૦૩/૪૨૮ થી ૪૨૯, ૪૦૪/૩૭ થી ૩૮, ૪૦૪/૮૩ થી ૮૬, ૪૦૪/૧૩૧ થી ૧૩૪, ૪૦૪/૧૭૯ થી ૧૮૨, ૪૦૪/૨૨૭ થી ૨૩૦, ૪૦૪/૨૭૯ થી ૨૮૨, ૪૦૪/૪૩૦, ૪૦૫/૧૦૯ થી ૧૩૦, ૪૦૫/૧૩૫ થી ૧૭૮, ૪૦૫/૧૮૩ થી ૨૨૬, ૪૦૫/૨૩૧ થી ૨૫૪, ૪૦૫/૪૩૧, ૪૦૬/૨૫૫ થી ૨૭૮, ૪૦૬/૨૮૩ થી ૩૩૨, ૪૦૬/૩૫૩ થી ૩૮૦, ૪૦૬/૪૩૨, ૪૦૬/૪૩૩, ૪૦૭/333 થી ૩૫૨, ૪૦૭/૪૩૪, ૪૧૧/અ/૩૮૧ થી ૪૨૭, ૪૧૧/અ/૪૩૫, ૪૦૮, ૪૦૯/૧, ૪૧૦/૧, ૪૧૨/પૈ, ૪૧૩, ૪૧૪/૧, ૪૧૫/૧, ૪૧૭ થી ૪૨૬.

મોજેઃ કનસાડના બ્લોક નંબરઃ ૧૬૩/૧/અ, ૪૬૪/બ, ૧૯૯ થી ૨૦૨, ૪૧૧/બ (મોજેઃસચીન), એન.એચ.-૬, ૩૭૯/બ/૧/૨, ૩૭૯/બ/૨/૨, ૩૮૨/અ/૨, ૩૮૪/૨, ૩૮૩/પૈ, ૪૦૧/૨, ૪૦૨/૨, ૪૦૬/પૈ, ૪૦૭/પૈ, ૪૦૯/૨, ૪૧૦/૨, ૪૧૨/પૈ, ૪૧૪/૨, ૪૧૫/૨, ૧૯૦/૧/અ, ૧૯૪/અ, ૨૧૫/એ/૧/અ, ૨૧૭/૨, ૧૬૨, ૧૬૩/૧/બ, ૧૬૪/બ. તથા યોજના વિસ્તારમાં સમાવિષ્ટ કેનાલ, હયાત બિન નંબરી નાળીયા, ખાડી, મારગની જમીનો.

સ્થળ : સુરત
તારીખ : ૦૬ /૦૧/૨૦૨૬
સરનામુઃ-
નગર રચના અધિકારી અને નગર નિયોજક-૩
સુરત નગર રચના યોજના, એકમ-૧,
પાંચમો માળ, સુડા ભવન, આગમ આર્કેડની સામે
વેસુ-આભવા રોડ, વેસુ, સુરત- ૩૯૫૦૦૭.
Email: stp-tpo1-srt@gujarat.gov.in
ક્રમાંક : માહિતી-સૂરત/૧૩૧૯/૨૦૨૬

(આદિત્ય એમ. પટેલ)
નગર રચના અધિકારી અને
નગર નિયોજક-૩
સુરત નગર રચના યોજના, એકમ-૧
સુરત.